ગાંધીનગર સમાચાર

## સંક્ષિપ્ત સમાચાર

### બાબસરમાંથી બે કિશોરોનું અપહરણ કરાતા ફરિયાદ

વડાલી તાલુકાના બાબસર ગામે રહેતા શંકરભાઈ જેઠાભાઈ ગમારના પુત્ર અરજણભાઈ (ઉં.વ.૧૨) તથા લોસીભાઈ (ઉં.વ.૧૦)નું શનિવારે સાંજના સુમારે અજાણ્યા શખ્સો અપહરણ કરીને લઈ ગયા હતા. જે અંગે શંકરભાઈ ગમારે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા અજાણ્યા શખ્સો વિરૂદ્ધ રવિવારે વડાલી પોલીસ સ્ટેશનમાં અપહરણ કરાયાની ફરિયાદ નોંધાવી હતી.

### રોધરામાંથી ૯૦ હજારની ડ્રીપ પાઈપો ચોરાઈ

ખેડબ્રહ્મા તાલુકાના રોધરા ગામની સીમમાંથી તા. ૧૩ ફેબ્રુઆરીની રાત્રે અજાણ્યા શખ્સોએ ભીખાભાઈ કોદરભાઈ પટેલના ખેતરમાંથી રૂ. ૯૦ હજારની કિંમતના ૩૫ બંડલ ડ્રીપ ઈરીગેશનની પાઈપોની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ભીખાભાઈ પટેલે રવિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### હિંમતનગરના બસ સ્ટેન્ડ સામેથી દારૂની ૧૨ બોટલ સાથે બે ઝડપાયા

હિંમતનગરના બસ સ્ટેન્ડ સામેથી બી-ડીવીઝન પોલીસે સોમવારે એક બાઈકચાલક પાસેથી ૧૨ બોટલ વિદેશી દારૂ ઝડપી લઈ બે જણાની અટકાયત કરી લીધી છે. પોલીસે વાહન અને દારૂ મળી રૂ. ૨૩,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી બંને વિરૂદ્ધ પ્રોહીહીશનનો ગુનો દર્જ કર્યો છે.

સોમવારે સાંજના સુમારે બસસ્ટેન્ડ સામેથી બાઈક નં. જીજે.૨.બીસી.૮૪૬૪ પર આવતા બે શકમંદોને ઉભા રાખી તલાશી લેતા તેમની પાસેથી પાસ પરમીટ વિનાની ૧૨ બોટલ વિદેશી દારૂની મળી આવી હતી. પોલીસે તાજપુરી ગામે રહેતા મહેશકુમાર ચહેરાજી ચૌહાણ (ઠાકોર) અને હેમંતસિંહ મહેન્દ્રસિંહ પરમારની અટકાયત કરી વિદેશી દારૂની બોટલ તેમજ બાઈક સહિત રૂ. ૨૩,૬૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. બી-ડીવીઝનના એ.એસ.આી. સાંકાભાઈ દેસાઈએ બંને વિરૂદ્ધ પ્રોહીબીશનનો ગુનો દર્જ કરાવ્યો હતો.

### હિંમતનગરની ગાયત્રી સોસાયટીમાંથી બે બાઈકની ચોરી

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગરના ગાયત્રી મંદિર રોડ પર આવેલી ગાયત્રી સોસાયટીમાંથી રવિવારની મોડી રાત્રે કોઈ ગઠિયા રૂ. ૨૦ હજારની કિંમતના બે બાઈકોની ચોરી કરી જતા વાહન ચોરીની ઘટના અંગે રહીશે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોમવારે ફરિયાદ નોંધાવી હતી.

ગાયત્રી મંદિર રોડ પર આવેલી ગાયત્રી સોસાયટીમાં રહેતા કેશુભાઈ શિવાભાઈ પંચાલે રવિવારે રાત્રે પોતાના ઘર આગળના કમ્પાઉન્ડમાં પોતાના ટી.વી.એસ. બાઈક નં. જીજે.૯.એસી.૫૨૨ અને બજાર સીટી-૧૦૦ બાઈક નં. જીજે. ૯. આર.૫૦૨૨ પાર્ક કરી મુક્યા હતા. રૂ. ૨૦ હજારની કિંમતના બંને વાહનોની કોઈ ગઠિયો રવિવારે મોડી રાત્રે ચોરી કરી ઉઠાવી જતા વાહનચોરીના મામલે કેશુભાઈ પંચાલે સોમવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ભિલોડાના જુના ભવનાથ રોડ પર ટેમ્પો-બાઈક અથડાતા બે ના મોત

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભિલોડા-જુના ભવનાથ રોડ ઉપર સાંનિધ્ય બંગ્લોઝ પાસે છોટા હાથી ટેમ્પો અને બાઈક સામ-સામે નંબર.જી.જે.૯. બી.સી.૩૮૨૪ના ચાલકે પોતાના કબજાના વાહનને પુરપાટ ઝડપે ગફલતભરી રીતે ગોઝારા વળાંકમાં હંકારતાં ટી.વી.એસ.સ્પોર્ટ બાઈક ઈજાઓ થતાં બે આશાસ્પદ નવયુવાનો ઘટનાસ્થળે કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં મૃતક બંન્ને નવયુવાનોના મૃતદેહનું



ધડાકાભેર ટકરાતા ભિલોડા કંપા ગામના દુધ ભરાવવા ભિલોડા બાઈક ઉપર ગયા હતા. બે નવયુવાનોના ઘટનાસ્થળે કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. સાંનિધ્ય બંગ્લોઝ પાસે ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. રામસિંઘભાઈના જણાવ્યા મુજબ આજે સવારે ૮:૪૫ વાગ્યાના સુમારે છોટા હાથી ટેમ્પો નંબર.જી.જે.૯.સી.બી. ૭૦૩૯ના બાઈક ચાલકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલક હિતેષભાઈ રફાયલભાઈ નિનામા આશરે ઉંમર વર્ષ-૨૩ અને બાઈક ચાલકના પાછળ બેઠેલ જગદીશભાઈ ગોવિંદભાઈ પલાત, આશરે ઉંમર વર્ષ-૧૮ બંન્ને રહેવાસી. ભિલોડા કંપાના વતની છે. બાઈક ચાલક અને પાછળ બેઠેલા નવયુવાનોના માથાના ભાગે અને શરીર ઉપર ગંભીર પી.એમ.મેડીકલ ઓફીસર ધ્વારા કરાયું હતું. ભિલોડા કંપા ગામના બંન્ને નવયુવાનોના મૃતદેહ પરીવારજનોને સોપાતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. ભિલોડા કંપા ગામના ગોવિંદભાઈ જેલાજી પલાતએ છોટા હાથી ટેમ્પો ચાલક વિરૂધ્ધ અકસ્માત સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ખેડબ્રહ્માની પટેલ સોસાયટીમાં બંધ મકાનમાંથી ૧.૨૦ લાખની ચોરી

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા શહેરના પોશ વિસ્તાર એવા પટેલ સોસાયટી પાસે તસ્કરોએ ભર બપોરે હાથ ફેરો કરી ૧.૨૦ લાખની મત્તા ચોરી પલાયન થઈ ગયા હતા.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત વિગતો અનુસાર પટેલ સોસાયટી પાસે રહેતા બાબુભાઈ નાનજીભાઈ પટેલ ખેતીકામ કરે છે. જેઓની ખેતીની જમીન બારસોલ કંપામાં હોઈ તેઓ ત્યાં ગયેલ હતા. અને દિકરો પ્રવિણભાઈ મકાન બંધ કરી બજારમાં ગયા હતા. ત્યારે પૌત્ર પૂર્વએ ફોનથી જણાવેલ કે આપણા મકાનનો પાછળનો દરવાજો તુટી ગયેલ છે અને અંદર તીજોરી ખુલ્લી પડેલ છે. અને સામાન વેર વિખેર પડેલ છે. જેથી બાબુભાઈએ ઘરે આવીને જોયુ તો તીજોરી ખુલ્લી હતી અને અંદરનું નાનુ લોકર તોડી અંદર મુકેલ સોનાની બંગડીઓ ૪ આશરે બે તોલાની, સોનાની વીંટી-૨ છ ગ્રામની, તથા સોનાની ચેઈન ૧, એક તોલાની તથા ચાંદીના બિસ્કીટ-૧ ૫૦૦ ગ્રામ તેમજ રોકડ રકમ રૂ. ૪૦,૦૦૦ મુકેલ હતા જે મળી કુલ રૂ. ૧,૨૦,૦૦૦ની મત્તા ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી ગયા હતા. જે અંગે ખેડબ્રહ્મા પોલીસસ્ટેશને ફરીયાદ નોંધાવા પામી હતી.



### પ્રાંતિજની ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલનું ગૌરવ

પ્રાંતિજ ક્રિષ્ટલ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી માત્ર સાત વર્ષની બાળકી સુરત ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની ટેકવોન્ડો (કરાટે) સ્પર્ધામાં બીજો નંબર લાવી સ્કૂલ અને માતા-પિતા સહિત સમાજનું ગૌરવ વધાર્યું છે. સરકાર દ્વારા આયોજીત ખેલાડી મહાકુંભ ૨૦૧૬ સુરત ખાતે રવિવારના રોજ રાજ્યકક્ષાની ટેકવોન્ડ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગુજરાત રાજ્યમાંથી ૨૫ બાળકીઓએ ભાગ લીધો હતો. ટ્રેનીંગ કોચ હાર્દિક બ્રહ્મભટ્ટના નેજા હેઠળ પ્રાંતિજની અવની મનીષભાઈ પટેલ અન્ડર ૧૩માં બીજો નંબર લાવી જિલ્લા સહિત સ્કૂલ અને સમાજનું નામ રોશન કર્યું છે. ત્યારે શાળાના આચાર્યા ભાવિનીબહેન શેઠ તથા શાળા પરિવાર દ્વારા અવની પટેલને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કુવાણા ગામની કુવારી માતાએ દુષ્કર્મની ફરીયાદ નોંધાવી

દિયોદર, તા. ૧૭

લાખણી તાલુકાના કુવાણા ગામની યુવતીને તેમના જ ગામના બે યુવાનો દ્વારા વિસ દિવસ સુધી ગોંધી રાખી અવારનવાર દુષ્કર્મ આચર્યા બાદ યુવતીએ બાળકને જન્મ આપ્યા બાદ મંગળવારે મોડી રાત્રે દિયોદર પોલીસ મથકે છ શખ્સો સામે દુષ્કર્મ અને મદદગારીનો ગુન્હો નોંધાવ્યો હતો

લાખણી તાલુકાના કુવાણા ગામની એક કુવારી યુવતીને ગત તા. ૧૪-૨-૨૦૧૫ના રોજ તેમના ગામના પીરાભાઈ રાજપૂત, ડુગરાભાઈ રાજપૂત દ્વારા યુવતી કુદરતી હાજતેથી પરત ફરતી હતી ત્યારે બોલેરો ગાડીમાં અપહરણ કરી બળજબરીપૂર્વક દામા ગામની સીમમાં ખેતરમાં ઓરડી અને ત્યારબાદ ડીસા ખાતે રાખી વારા ફરતી તેણીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતા તેણીને ગર્ભ રહી ગયો હતો. બાદમાં તેણીને ગર્ભપાત કરાવા ગોળીઓ ખવડાવેલ પરંતુ ગર્ભ રહેતા તેણીએ ગત તા. ૨૬ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ દિયોદર પ્રાઈવેટ દવાખાને બાળકને જન્મ આપ્યો હતો. ત્યારબાદ તેને અને બાળકને મારી નાખવાની ધમકીના લીધે લાચાર બનેલી યુવતીએ આખરે હિંમત દાખવી મંગળવારે સાંજે દિયોદર પોલીસમથકે જાણ કરતા પોલીસે રાજપૂત પીરાભાઈ મેહાભાઈ, રાજપુત ડુગરાભાઈ મેહાભાઈ, રાજપૂત ગોદાભાઈ રત્નાભાઈ, રાજપૂત સવજીભાઈ વી. (તમામ રહે. કુવાડગા, તા. લાખણી) અને ઈશ્વરભાઈ માળી (રહે. વખા, તા. દિયોદરવાળા) સામે ગુન્હો નોંધી વધુ તપાસ જે.બી. આસોડીયા ચલાવી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંબાજીમાં ખોડીયાર નવયુવક મિત્રમંડળ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

યાત્રાધામ અંબાજી ખાતે ખોડિયાર જયંતિના ઉપલક્ષમાં શ્રી ખોડીયાર નવયુવક મિત્રમંડળ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સિદ્ધપુરવાળી ધર્મશાળામાં રક્તદાન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં કુલ ૫૨ બોટલ રક્ત એકઠુ કરાયું હતું. ખોડીયાર નવયુવક મિત્ર મંડળના યુવાનો સહિતના મિત્રો દ્વારા રક્તદાન કરવામાં આવતા આયોજકોએ શુભેચ્છા પાઠવી આ રક્તથી કોઈની જીંદગી બચે તેવી શ્રી ખોડીયાર માતાને પ્રાર્થના કરી હતી.

### વિઠોડા પ્રાથમિક શાળાનું ગૌરવ

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના વિઠોડા પ્રાથમિક શાળાની ધીનલ કાનજીભાઈ ચૌધરીએ ઉંચો કૂદકામાં રાજ્યકક્ષાએ પ્રથમ નંબર મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

વિઠોડા અનુપમ પ્રાથમિક શાળામાં ધોરણ ૭માં અભ્યાસ કરતી ધીનલ ચૌધરી આ સિવાય ખેલ મહાકુંભમાં લાંબા કૂદકામાં રાજ્યમાં ત્રીજા નંબરે આવી હતી.

વિઠોડા પ્રાથમિક શાળાની ધીનલનું એડમીશન નડીયાદ સ્પોર્ટસ સ્કૂલમાં છે. ધીનલ અને શાળાની મહેનતથી જિલ્લાનું ગૌરવ સમગ્ર રાજ્યમાં વધ્યુ છે. વિઠોડા અનુપમ પ્રાથમિક શાળાના આચાર્ય કનુભાઈ પ્રજાપતિએ અભિનંદન પાઠવ્યા હતા.

### રાયકાનગરમાંથી ૨ લાખની લોડીંગ ગાડી ચોરાઈ

હિંમતનગરના રાયકાનગર વિસ્તારમાંથી સોમવારે મોડી રાત્રે કોઈ ગઠીયો ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી રૂ. ૨ લાખની મત્તાની છોટાહાથી લોડીંગ ગાડીની ચોરી કરી જતા વાહનચોરીની ઘટના અંગે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ થયો હતો.

રાજસ્થાનના બાડમેર જિલ્લાના આસોતરા ગામના વતની અને હાલમાં હિંમતનગરના રાયકાનગર વિસ્તારના ભાડાના મકાનમાં રહેતા ગોપાલસિંગ રણછોડજી પુરોહિતે સોમવારે સાંજના છ વાગ્યે પોતાની છોટાહાથી લોડીંગ ગાડી નં. જીજે.૯.એવી.૬૩૨૨ મકાનની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી. રૂ. ૨ લાખની કિંમતના આ વાહનની કોઈ ગઠીયો સોમવારે મોડી રાત્રે ચોરી કરી ભાગી છુટતા વાહન ચોરીની ઘટના સંદર્ભે મંગળવારે વાહનમાલિકે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### મેઘરજના વાઘપુર રોડ પર કતલખાને લઈ જવાતી ૧૪ ભેંસો ઝડપાઈ

મેઘરજ તાલુકાના વાઘપુર ગામની સીમમાંથી ઈસરી પોલીસે બાતમીના આધારે વાઘપુરથી મેઘરજ તરફ જતી ૧૪ ભેંસો ભરેલી ટ્રક ઝડપી પાડી હતી.

રાત્રીના સમયે ટ્રક આવતા તેને તપાસ અર્થે થોભાવી તપાસ કરતાં બીન અધિકૃત રીતે વગર પાસ પરમીટે ભેંસો નંગ ૧૪ની ગળાના ભાગે તથા મોઢા ભાગે તથા પગોમાં રસ્સીથી મરણતોલ હાલતમાં બાંધી ખીચોખીચ ભરી લાવી ટ્રકમાં અંદર ઘાસચારો કે પાણીની સુવિધા પણ નહોતી. આ મામલે ડ્રાઈવર તથા કંડકટરની પુછપરછ કરતાં તેઓએ કબુલ્યુ હતું કે આ ભેંસો કતલખાને જાય છે.

# ખેડબ્રહ્મામાં રીક્ષા સ્ટેન્ડ ફાળવવામાં નહી આવે તો અચોક્કસ મુદતની હડતાલની ચીમકી

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા ઓટોરીક્ષા એસોસીએશન દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તારમાં રીક્ષાનું સ્ટેન્ડ ફાળવવા કલેક્ટર અને ચીફ ઓફિસર સહીત સક્ષમ અધિકારીઓને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. છેલ્લા દસ કરતા વધુ વર્ષથી રીક્ષા સ્ટેન્ડ ફાળવવા માટે રજુઆતો કરી હોવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં ના છૂટકે ઓટો રીક્ષા એસોસીએશનને ગાંધી ચિંધ્યા માર્ગે પુનઃ અચોક્કસ મુદતની હડતાલ પાડવાની ચીમકી ઉચ્ચારી છે.

**ઓટોરીક્ષા એસોસીએશને કલેક્ટર સહીત સક્ષમ અધિકારીઓને લેખિત રજૂઆત કરી**

ખેડબ્રહ્મા ઓટોરીક્ષા એસોસીએશનના પ્રમુખ પોપટભાઈ એફ. સોલંકી, ઉપપ્રમુખ અમૃતભાઈ ડી. ડાભી, મંત્રી રમણભાઈ પરમાર તથા સહમંત્રી નુરદિન નાગોરી સહીત અન્ય રીક્ષા ચાલકોના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં ૧૫૦ કરતા વધુ રીક્ષા ચાલકો રીક્ષા ફેરવી રોજી રોટી મેળવે છે. ખેડબ્રહ્મામાં રોજેરોજ વાહનોની સંસ્ખાયમાં વધારો થાય છે. ઓટો રીક્ષા એસોસીએશને બસ સ્ટેન્ડ વિસ્તારમાં રીક્ષા સ્ટેન્ડ ફાળવવા માટે છેલ્લા ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી લેખિતમાં રજુઆતો કરી માંગણીની લડત ચલાવી રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૧૧માં રીક્ષા સ્ટેન્ડ માટે અચોક્કસની મુદતની હડતાલ પાડવામાં આવી હતી. જેના પગલે કલેક્ટર દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તારમાં જીજી માર્કેટ પાસે રીક્ષા સ્ટેન્ડ ફાળવવાનું આશ્વાસન આપતા હડતાલ સમેટી લેવામાં આવી હતી. પાંચ વર્ષના સમયગાળા પછી પણ આ આશ્વાસનનું પાલન ન થતા રીક્ષાચાલકોમાં રોષ ફેલાયો છે.

ઓટોરીક્ષા ચાલકોની માંગણી મુજબ રીક્ષા સ્ટેન્ડ ફાળવવામાં નહી આવે તો તા. ૨૫મી ફેબ્રુઆરી-૨૦૧૬ના રોજથી ગાંધી ચિંધ્યા માર્ગે અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ઓટો રીક્ષા એસોસિએશને ચીમકી ઉચ્ચારી છે.



મેઘરજ તાલુકાના પ્રાથમિક શિક્ષણ સહકારી શરાફી મંડળીના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતિ મહોત્સવ જલા - સાં મંદિર ખાતે આજે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતીષભાઈ પટેલ અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શુભેન્દ્રસિંહ સિસોદિયા જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ અરવલ્લી જિલ્લા પ્રાથમિક સિક્ષણાધિકારી, જિલ્લા સિંચાઈ સમિતિના ચેરમેન, તાલુકા કારોબારી અધ્યક્ષ તેમજ અન્ય ગણમાન્ય અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બીઆરસી ઓફિસ મેઘરજ તરફથી ૧૧ હજાર, શિક્ષણ સંઘ અને શરાફી મંડળી તરફથી રાજ્ય સંઘને દાન આપવામાં આવ્યું હતું.

# વિવિધ ગુનામાં નાસતા ફરતા ત્રણ શખ્સો પકડાયા

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી દારૂ તથા અન્ય ગુનામાં પકડાયેલા ત્રણ શખ્સો પોલીસને થાપ આપી નાસતા ફરતા હતા. જે અંતર્ગત તેમને પકડવા માટે એલસીબીએ નાકાબંધી કરી બે શખ્સોને સોમવારે તથા અન્ય એક શખ્સને ગત તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ ઝડપી લીધો હતો.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં દારૂના ગુનામાં સંડોવાયેલ ચંદુભાઈ નાનજીભાઈ ખરાડી (રહે. ભોમટાવાડા, તા. ખેરવાડા, જિ. ઉદયપુર) છેલ્લા ૧૦ વર્ષથી નાસતો ફરતો હતો. જેને પોલીસે સોમવારે રાત્રે ઝડપી લીધો હતો. તેજ પ્રમાણે ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુના નં. ૩૨/૧૪ ઈપીકો કલમ ૩૬૩ અને ૩૬૬માં પકડાયેલા સેજદશા ઉર્ફે સેહજાદખાન બાબુસા દીવાન (રહે. પરબડા, હિંમતનગર) બે વર્ષથી નાસતો ફરતો હતો. જેથી પોલીસે બાતમીને આધારે તેને સોમવારે બપોરે ઝડપી લીધો હતો.

ઉપરાંત ઈડર પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટાર નં. ૫૧૩૯/૧૫ દારૂના ગુનામાં સંડોવાયેલા ખેરવાડા તાલુકાના ઝાંઝરી ગામના દિનેશભાઈ કમજીભાઈ પાંડોરને પણ પોલીસે વોચ ગોઠવીને ગત તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ ઝડપી લીધો હતો. ત્યારબાદ ત્રણેય વિરૂદ્ધ ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



પ્રાંતિજના મોરવાડ ગામની પ્રાથમિક શાળામાં બાળકોને સોમવારે તાલુકા શિક્ષણાધિકારી દ્વારા તિથિ ભોજન પીરસવામાં આવ્યું હતું.

# કેસરપુરાની સીમમાંથી અજાણ્યા શખ્સો ૨૦ ઘેટા ચોરી ગયા

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગર તાલુકાના કેસરપુરા ગામની સીમમાં રહેતા એક પશુપાલકના ૨૦ ઘેટાની કોઈ ગઠિયો રવિવારની મોડી રાત્રે ચોરી કરી જતા પશુચોરીની ઘટના અંગે સોમવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પશુપાલકના રૂ. ૬૦ હજારની કિંમતના પશુઓની ચોરીની ઘટના અંગે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પશુ ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગાંભોઈ નજીકના કેસરપુરા ગામની સીમમાં રહેતા પશુપાલક ભુરાજી દાનાજી રબારીના ૨૦ ઘેટાની કોઈ ગઠિયો રવિવારની મોડી રાત્રે સીમમાંથી ચોરી ગયો હતો. જે અંગે વહેલી સવારે પશુપાલકને જાણ થતાં ભુરાજી રબારીએ સોમવારે રૂ. ૬૦ હજારની કિંમતના પશુઓની ચોરીની ઘટના અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી ફરિયાદ નોધાવી હતી.

ગાંભોઈ પોલીસે પશુપાલકની ફરિયાદ આધારે અજાણી તસ્કર ટોળકી વિરૂદ્ધ ચોરીનો ગુનો દર્જ કરી ઘટના અંગેની તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી સાબરાંઠા જિલ્લામાં ઘરફોડ, વાહન ચોરીઓ બાદ પશુ ચોરીઓનું પણ પ્રમાણ વધતા પશુપાલકોમાં ભયની લાગણી ફેલાવા પામી છે.